CS (Main) Exam,2021

**HXS-C-GJT**

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( Compulsory )

સમય મર્યાદા : ત્રણ કલાક
*Time Allowed :* ***Three*** *Hours*

મહત્તમ ગુણ : **300**
*Maximum Marks :* **300**

---

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો:*

બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.

પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં **(ગુજરાતી લિપિમાં)** આપવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.

પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)*** *unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

**Q1.** **નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** ***100***

(a) બાળકોમાં કુપોષણની સમસ્યા

(b) વૈશ્વિક શાંતિના પડકારો

(c) માતૃભાષા અને પ્રાથમિક શિક્ષણ

(d) ભાડાની કૂખ (surrogacy) નો સામાજિક સ્વીકાર

**Q2.** **નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર તમારી ભાષામાં લખો.**

***12×5=60***

પ્રાચીન ભારતમાં રાજતંત્રનો એટલો પ્રભાવ હતો કે રાજાને રાજ્યની આત્મા કહેવામાં આવતો. પ્રાચીન ધાર્મિક ગ્રંથો પ્રમાણે રાજા પ્રજા માટે ઈશ્વરનો પ્રતિનિધિ હતો, એટલે પ્રજા તેની સહાયતાથી પોતાના દુ:ખી જીવનમાંથી છુટકારો મેળવી શકે. રાજાવિહીન સમાજનું જીવન દુ:ખદાયી હોય છે. પ્રાચીન ભારતીય વિદ્વાનોએ રાજા અથવા રાજયની ઉત્પત્તિના સંબંધમાં સમયે-સમયે અનેક વિચારો રજૂ કર્યા છે. એને જુદાં-જુદાં સિધ્ધાંતોના રૂપમાં નિર્ધારિત કર્યા છે. જેમ કે દૈવીય-સિધ્ધાંત, શક્તિનો સિધ્ધાંત, સુરક્ષાનો સિધ્ધાંત, સામાજિક સમજણનો સિધ્ધાંત વગેરે.

કૌટિલ્ય રાજયને માનવજીવન માટે એક મહત્વપૂર્ણ, આવશ્યક અને કલ્યાણકારી સંસ્થા માને છે. એમણે રાજાની ઉત્પતિ માટે ક્રમબધ્ધ વિવેચના ના કરી, પરંતુ એમના 'અર્થશાસ્ત્ર'માં સ્પષ્ટ ઉલ્લેખ છે કે જેમ મોટી માછલી નાની માછલીને ખાઈ જાય છે તેમ પ્રાચીન કાળમાં બળવાન લોકો નિર્બળને સતાવતાં હતા. આ અન્યાય (મત્સ્ય ન્યાય) એટલે કે જંગલ રાજથી પ્રજા પીડિત હતી. પીડિત પ્રજા એ સાથે મળીને એક સમર્થ વ્યક્તિને પોતાનો રાજા નિયુક્ત કર્યો. એમણે રાજાને કૃષિ ઉપજનો છઠ્ઠો ભાગ, વેપારની આવકનો દસમો ભાગ આપવાનો નિશ્ચય કર્યો. એનાં બદલામાં રાજાએ પ્રજાના કલ્યાણની જવાબદારી પોતાના ઉપર સ્વીકારી. જે લોકો રાજા દ્વારા બનાવેલી વ્યવસ્થાને માનતા નહોતાં તેમને દંડ (સજા) આપવામાં આવતી. રાજાને ઈન્દ્ર અને યમની જેમ પ્રજાના રક્ષક અને કૃપા કરનાર માનવામાં આવતો હતો. કૌટિલ્યના મત પ્રમાણે રાજાની આજ્ઞાનું પાલન ન કરવું અથવા તેનું અપમાન કરવું નિષિધ્ધ હતું.

જે સમાજમાં રાજા દ્વારા પ્રજાને રક્ષણ આપવામાં આવે છે ત્યાં લોકો નિર્ભય બનીને, ઘરનાં દરવાજા ખૂલ્લા રાખીને વિહરતા હોય છે. જયારે રાજા રક્ષા કરતો હોય છે ત્યારે સ્ત્રીઓ એકલી જ આભૂષણ પહેરીને માર્ગ પર ફરી શકે છે. રાજા દ્વારા સુરક્ષિત સમાજમાં માનવતાનું સામ્રાજ્ય તૈયાર થાય છે. આવાં રાજયમાં તમામ પ્રકારે પ્રગતિ થાય છે. અન્ય પ્રાચીન ગ્રંથોની સાથે કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' માં પણ આ સત્યને પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. પહેલાના સમયમાં રાજાનું પદ અસ્થિર અને શક્તિઓ નિયંત્રિત હતી. પરંતુ ઉત્તરવૈદિક કાળમાં રાજયોના આકાર જેમ જેમ વધતા ગયા, તેમ તેમ રાજાના અધિકાર અને ઐશ્વર્યમાં વૃધ્ધિ થતી ગઈ. પ્રજાની રક્ષાની અપેક્ષાએ રાજાની રક્ષા પર વધુ ધ્યાન આપવામાં આવ્યું. રાજ-પદની પ્રતિષ્ઠા પ્રમાણે રાજાનો વૈભવ, સમૃધ્ધિ અને દેખાવ વધતો ગયો, શુક્રનીતિમાં તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

(a) રાજા અને રાજ્યની પ્રાચીન સંકલ્પના શું છે ? *12*

(b) 'મત્સ્ય ન્યાય' ને અન્યાય કહેવાનો શો અભિપ્રાય છે ? *12*

(c) રાજા અને પ્રજાના અંતર્ગત સંબંધોનો આધાર શો છે ? *12*

(d) અહી 'માનવતાનું સામ્રાજ્ય'થી શું અભિપ્રેત છે ? *12*

(e) ઉત્તરવૈદિકકાળમાં પ્રજાની સ્થિતિમાં શું ફેરફાર આવ્યો ? *12*

**Q3. નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ લગભગ એક તૃતીયાંશ શબ્દોમાં, તમારા શબ્દોમાં લખો. શીર્ષક આપવાની જરૂર નથી.** ***60***

ઈ.સ. ૧૮૩૦માં રાજા રામમોહનરાયની કાર્યપ્રણાલીની વિરોધી ભારતીય વેપારીઓએ બ્રહ્મસમાજના પ્રભાવને સમાપ્ત કરવા માટે એક ધર્મસમાજ નામક સંસ્થાની સ્થાપના કરી. આ સમયમાં હેનરી ડેરોજિયો એ આધુનિક અસર હેઠળ એક શૈક્ષણિક સંગઠન, હિન્દુ કૉલેજમાં અકાદમિક એસોસિએશન સ્થાપના કરી. આ સંગઠન પરંપરાગત રીતરિવાજો અને અંધવિશ્વાસના વિરોધમાં અન્ય એવા બીજા સંગઠનોથી વધુ દૃઢ હતું. આ સંગઠનથી જ યુવા બંગાળની સ્થાપના થઈ. હિન્દુ કૉલેજના કર્મચારિઓ દ્વારા હેરાનતેમજ તંગ કરવાને કારણે જયારે આ સંગઠન વિભાજિત થઈ ગયું. તો એમનાં ભૂતપૂર્વ સભ્યો બ્રહ્મ સમાજમાં સામેલ થઈ ગયાં. રાજા રામમોહનરાયના અવસાન પછી આ સમાજનું નેતૃત્વ એક પ્રમુખ બંગાળી વેપારી દ્વારકાનાથ ઠાકુરના હાથમાં આવ્યું. ઓગણીસમી સદીના ચોથા અને પાંચમાં દાયકા દરમ્યાન બંગાળમાં જ્ઞાન પ્રસાર અને એવા જ અન્ય લક્ષ્યોનાં સંવર્ધક સમાજ એક પછી એક ઊભરી આવ્યાં. અંતે ઈ.સ. ૧૮૫૧માં કલકત્તામાં બ્રિટિશ ઇંડિયન એસોસિયેશન નામનું એક પરિપકવ રાષ્ટ્રીય રાજનૈતિક સંગઠન તૈયાર કરવામાં આવ્યું.

આ પ્રકારની ઘટનાઓ મુંબઈમાં પણ જોવા મળી. દેશના આ ભાગમાં આવાં આંદોલનોનાં મુખ્ય નેતા ધનવાન અને સુસન્માનિત પારસી હતા, જેઓ ઉપનિવેશકીય (વસાહતી) શાસનની સાથે સહયોગ કરી રહયાં હતાં, અને ઉગતા બુધ્ધિજીવી યુવાઓ મહારાષ્ટ્રીયન હતા, જેઓ યુરોપિય પધ્ધતિ પર સંચાલિત સ્થાનિય શૈક્ષણિક સંસ્થા ઍલફિન્સ્ટન કૉલેજ સાથે જોડાયેલા હતા. આ બુધ્ધિજીવીઓમાં મુખ્યત્વે બાલશાસ્ત્રી જામ્બેકર, જેમણે અંગ્રેજી, મરાઠી સાપ્તાહિક (અઠવાડિક) 'બમ્બઈ દર્પણ'ની સ્થાપના કરી, જે પોતાના દેશનાં પ્રશાસનમાં ભારતીયોને ભાગીદારી અપાવવાં માટે વકાલત કરતા હતા. તેમ જ ઉપનિવેશકીય કર (જકાત) અને શુલ્ક નીતિયોની ટીકા કરતા હતા; રામકૃષ્ણ વિશ્વનાથ, જેઓએ મરાઠીમાં ભારતના ઈતિહાસ પર એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું. જેમાં તેમણે ભારતમાં બ્રિટિશ નીતિની ટીકા કરી, જો કે એમનો વિચાર હતો કે બધું જ ઠીક કરી શકાય તેમ છે પણ શરત એટલી કે પ્રબુધ્ધ અંગ્રેજો અને ભારતીયો વચ્ચે ઘનિષ્ઠ સંપર્ક થાય; ગોપાલ હરિ દેશમુખ, જે પૂનાનાં 'પ્રભાકર'માં લોકહિતવાદી ઉપનામથી લખતા હતાં. એમણે ભારતની સ્વતંત્રતાના અપહરણના કારણોનું વિશ્લેષણ કર્યું. જે તેમના મત પ્રમાણે જૂની સામંતી પ્રથાઓનું પાલન અને અભિજાત વર્ગ તથા ભારતીય જનતાને એકબીજાથી દૂર કરનારી ખાઈ હતી.

ઈ.સ. ૧૮૫૨માં સ્થાપિત બંમ્બઈ એસોસિએશનમાં ત્યારે ફૂટફાટ પડી જયારે યુવા વિદ્યાર્થીઓએ તમામ ભારતીયો માટે અંગ્રેજોની જેમ જ સમાન અધિકારોની માંગણી કરી, અને નરમપંથી ઉચ્ચવર્ગીય વેપારી આનાથી અલગ થઈ ગયા. માત્ર મદ્રાસ એસોસિએશને જ ભારતીય જમીનદારો દ્વારા ખેડૂતોનાં શોષણને બંધ કરવાનો પ્રશ્ન ઉઠાવ્યો. આ સમયે ઈસ્ટ ઇંડિયા કંપનીના ચાર્ટરનું ફરીથી પુનઃનિરીક્ષણ થઈ રહ્યું હતું એટલા માટે ત્રણેય એસોસિએશનો એ ભારતમાં ઉપનિવેશિક શાસનના 'અન્યાયો' વિશે લંડનની સંસદમાં અરજીઓ મોકલી.

(363 શબ્દો)

**Q4.** **નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો.** **20**

પ્રત્યેક દેશના ઈતિહાસ પર એની ભૂગોળનો પ્રભાવ પડે છે. જ્યાં સુધી ભારતનો પ્રશ્ન છે, એની સભ્યતા યુગો-યુગોથી સ્વતંત્રરૂપે વિકસિત થતી રહી છે. ઉત્તરમાં પર્વતોના દુર્ગમ, ભયંકર અવરોધો અને દક્ષિણમાં સમુદ્રને કારણે ભારત બાકીની દુનિયાથી મોટે ભાગે અલિપ્ત રહ્યું. પરિણામે તેના પર વધુ વિદેશી પ્રભાવની અસર ન થઈ. હિમાલય પશ્ચિમથી પૂર્વ સુધી લગભગ ૧૬૦૦ માઈલ લાંબી અને ૫૦ (પચાસ) માઈલ પહોળી એક બેવડી દિવાલ છે. પૂર્વમાં પત્કોઈ, નાગા અને લુશાઈના પહાડો અને એના ગાઢ જંગલો અવર-જવરમાં અવરોધ ઊભા કરતાં હતા. પશ્ચિમ તરફ કેટલાંક બારાં (માર્ગ) હતાં જ. જેમકે ખૈબર અને બોલનના, જયાંથી થઈને વિદેશીઓ આવતા હતા. સદીઓ સુધી દક્ષિણ તરફનો સમુદ્ર ભારતમાં સહેલાઈથી અવર-જવરમાં અંતરાયો ઉભા કરતો હતો. પરંતુ પછીથી નાવ (વહાણ)-વિદ્યાના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઈ. પછીતો, આ સમુદ્રવ્યાપાર માટે સરળ માર્ગ જ બની ગયો. ઈ.સ. ૧૪૯૮માં વાસ્કો-ડી-ગામાના નેતૃત્વમાં પોર્ટુગીઝલોકો સૌ પહેલા દરિયાઈ માર્ગે ભારત આવ્યાં. એના પછી ડચ, ફ્રાંસી અને અંગ્રેજો આવ્યા. આ સૌ ઘણાં લાંબા સમયસુધી ભારતમાં પોતાનું પ્રભુત્વ જમાવવા માટે એક-બીજા વચ્ચે સંઘર્ષ કરતાં રહયાં. આ પ્રકારે કુલ મળીને ભારતની ભૌગોલિક ભિન્નતાને કારણે અહીંની સભ્યતા પર વધુ વિદેશી પ્રભાવ ન પડી શકયો.

**Q5.** **નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો :** **20**

At the stroke of the midnight hour, when the world sleeps, India will awake to life and freedom. A moment comes, when we step out from the old to the new. It is fitting that at this solemn moment we take the pledge of dedication to the service of India. The service of India means the service of the millions who suffer. It means the ending of poverty and ignorance. It means the ending of disease and inequality of opportunity. The ambition of the greatest man of our generation has been to wipe every tear from every eye. That may be beyond us, but as long as there are tears and suffering, so long our work will not be over. This is no time for petty and destructive criticism, no time for ill-will or blaming others. We have to build the noble mansion of free India where all her children may dwell.

It is a fateful moment for us in India, for all Asia and for the world. A new star rises, the star of freedom in the East, a new hope comes into being. May the star never set and that hope never be betrayed !

**Q6. (a)** **નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) ઊઠાં ભણાવવાં *2*

(ii) કક્કો ખરો કરવો *2*

(iii) પાશેરામાં પહેલી પૂણી *2*

(iv) ભાંગરો વાટવો *2*

(v) ધકેલ પંચે દોઢસો *2*

**(b)** **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** *1×5=5*

(i) ઉતરતો છે તેવો મનોભાવ *1*

(ii) આ લોકમાં મળે નહીં તેવું *1*

(iii) કામ કરવાની દિશા ન સૂઝે તેવું *1*

(iv) જેણે વસવાટ ગુમાવેલ છે તે *1*

(v) જેની તુલના ન થઈ શકે તેવું *1*

**(c)** **નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.** *1×5=5*

(i) વકીલ *1*

(ii) રફેદફે *1*

(iii) વૈયક્તિક *1*

(iv) બેતાલ *1*

(v) વામન *1*

**(d)** **નીચેના શબ્દોની જોડણી સુધારો.** *1×5=5*

(i) ચીત્રીણિ *1*

(ii) વીજીગિષા *1*

(iii) કીંચીત *1*

(iv) પ્રતીકૃતી *1*

(v) શીરિષ *1*

**(e)** **નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો.** *1×5=5*

(i) મધુકર *1*

(ii) વારિ *1*

(iii) આત્મજા *1*

(iv) હોડી *1*

(v) અનાદર *1*

**(f)** **નીચેની કહેવતોનો અર્થ આપો.** *2×5=10*

(i) આંગળીથી નખ વેગળા *2*

(ii) ઊતર્યો અમલદાર કોડીનો *2*

(iii) ઓછું પાત્રને અદકું ભણ્યો *2*

(iv) વાડ વિના વેલો ન ચઢે *2*

(v) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા *2*